આદિજાતિ વિસ્તાર પેટા યોજના અનુસૂચિત જનજાતિના વકીલોને સહાય આપવા બાબત..

**ગુજરાત સરકાર**

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક : ટીએપી/૧૦૮૮/૧૬૧૮/ઘ

સચિવાલય, ગાંધીનગર

તારીખ :૧૮/૦૫/૨૦૧૧

વંચાણે લીધા :-

૧. આદિજાતિ વિકાસ વિભાગનો તા:૧૪/૭/૮૭ના ઠરાવ ક:ટીએપી/૧૧૮૮/૨૪૫૧/ઘ

૨. આદિજાતિ વિકાસ વિભાગનો તા:૩૧/૧/૮૯ના ઠરાવ ક:ટીએપી/૧૧૮૮/૧૬૧૮/ઘ

સુધારા ઠરાવ :-

આમુખમાં દર્શાવેલ ક-(૧) અને (૨) ઉપર ના ઠરાવોથી અનુસૂચિત જનજાતિના કાયદાના સ્નાતકોને વકીલાતની તાલીમ માટે નાણાંકીય સહાય આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજનાનો લાભ આદિવાસી વિસ્તારના કાયદાની પદવી ધરાવતા આદિવાસી યુવાનોને મળે છે. રાજયમાં આવેલ તમામ કોર્ટોમાં વકીલાતની પ્રેકટીસ કરતા/ કરવા માગતા અનુ. જનજાતિના ઉમેદવારોને જુનીયર વકીલ બાર કાઉન્સીલમાં નોંધણી કરાવ્યા બાદ કેટલા સમયમાં કયારથી સ્ટાઇપેન્ડ મળી શકે તે અંગેની સ્પષ્ટતા વંચાણમાં લીધેલ ઠરાવોમાં થયેલ નથી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણા બાદ નીચે દર્શાવ્યા મુજબ પ્રસ્તુત બાબતની સ્પષ્ટતા અંગે સુધારા ઠરાવ બહાર પાડવામાં આવે છે.

આ યોજના હેઠળ જુનીયર વકીલે સ્ટાઇપેન્ડ મેળવવા ગુજરાત બાર કાઉન્સીલમાં નોંધણી કરાવ્યેથી બે વર્ષના સમયગાળાની અંદર અરજી કરેલ હશે તે સ્ટાઇપેન્ડ મેળવવાને પાત્ર રહેશે

આ યોજના અંગેના વિભાગના આમુખમાં ક(૧) અને (૨) ઉપર વંચાણે લીધેલ ઠરાવોની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જયોતિ કે.પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

મહામહિમ.રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, માન. રાજયપાલશ્રીનું કાર્યાલય, રાજભવન, ગાંધીનગર

માન. મંત્રીશ્રી, (આ.વિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. રા.ક.મંત્રીશ્રી, (આ.વિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્રસચિવશ્રી , આદિજાતિ વિકાસ વિભાગ, ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦-એ. ગાંધીનગર
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ , ગાંધીનગર
કાર્યપાલક નિયામકશ્રી, , આદિજાતિ વિકાસ નિગમ,ગાંધીનગર
પગાર અને હિસાબી અધિકારીશ્રી ગાંધીનગર/અમદાવાદ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ
સર્વે પ્રાયોજના વહીવટદારશ્રી, (ટી.એસ.પી સંબંધિત)
સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ,
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
સર્વે વિભાગો,સચિવાલય, ગાંધીનગર
વિભાગની સર્વે શાખાઓ, (રોકડ ટાઈપ/ રજીસ્ટ્રરી સિવાય) આ.વિ.વિ,સચિવાલય, ગાંધીનગર
નાણાં શાખા,,(આ.વિ. વિ.)
ના.સે.અ.સિલેકટ ફાઇલ,
શાખા સિલેકટ ફાઇલ.
RAVAL- TAP-1088-1618-GH-511-SCU-1